# સુરત જિ.પં.માં 18 વર્ષથી ભાજપનું શાસન, છતાં વિકાસમાં અવરોધ

**સ્વભંડોળ** વધારવામાં નિષ્ફળતા, મિલકતોનો પ્રશ્ન વણઉકેલાયેલો

**સ્વચ્છતા**-શિક્ષણ-પ્રશાસનમાં ખામીઓ અંગે પૂર્વ વિરોધ પક્ષના નેતા દર્શન નાયકના પ્રહાર

સુરતઃ સુરત જિલ્લા પંચાયતમાં છેલ્લા 18 વર્ષથી ભાજપનું એકછત્ર શાસન હોવા છતાં વિકાસકાર્યોમાં ગતિ ન દેખાતી હોવાનો ગંભીર આક્ષેપ સુરત જિલ્લા પંચાયતના પૂર્વ વિરોધ પક્ષના નેતા દર્શન નાયક દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં તમામ તાલુકા પંચાયતો, ધારાસભ્યો તેમજ સાંસદ સભ્યો ભાજપના હોવા છતાં વિકાસના દાવાઓ ખોખલા સાબિત થઈ રહ્યા છે.

દર્શન નાયકના કહેવા મુજબ, જિલ્લા પંચાયતની તિજોરી તળીયે બેઠી છે અને સ્વભંડોળની આવક વધારવામાં શાસકો નિષ્ફળ રહ્યા છે. ગ્રામ પંચાયતોમાંથી આવક વધે તો જિલ્લા પંચાયતનું સ્વભંડોળ મજબૂત બની શકે, પરંતુ તે દિશામાં અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે જિલ્લા પંચાયત હસ્તકની અનેક સ્થાવર અને જંગમ મિલકતો કરોડો રૂપિયાની કિંમત ધરાવે છે, છતાં વર્ષોથી તેનો યોગ્ય ઉપયોગ કે નિકાલ કરવામાં આવ્યો નથી. જંત્રીના ભાવે મિલકતોનો નિકાલ કરીને તેમાંથી વિકાસકાર્યો માટે આવક ઊભી કરવાની ચર્ચાઓ થઈ હતી, પરંતુ આ મુદ્દો અચાનક દબાવી દેવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું. હાલ આ મિલકતો ભૂતિયા બંગલા જેવી સ્થિતિમાં ખાલી પડી હોવાનું કહી તેમણે શંકા વ્યક્ત કરી કે આ પાછળ કોઈ મેલી મુરાદ તો નથી ને? સ્વચ્છ ભારત મિશન હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવાતી હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોની સ્વચ્છતાની સ્થિતિ સંતોષકારક નથી. ગ્રામ્ય પ્રજા ગંભીર રોગોના ભોગ બની રહી હોવાનો આક્ષેપ કરી તેમણે ગ્રાન્ટના ઉપયોગ અંગે પારદર્શક તપાસની માંગણી કરી હતી.

### શિક્ષક વિના સ્માર્ટ ક્લાસ કેવી રીતે ચાલે?

શિક્ષણ વિભાગમાં પૂરતા મહેકમના અભાવને કારણે સ્માર્ટ ક્લાસની જાહેરાતો પોકળ દાવા સમાન હોવાનું દર્શન નાયકે જણાવ્યું. કમ્પ્યુટર શિક્ષકોની અછત વચ્ચે અન્ય વિષયના શિક્ષકો પાસે પૂરતું ટેકનિકલ જ્ઞાન ન હોય તો વિદ્યાર્થીઓને ગુણવત્તાભર્યું શિક્ષણ કેવી રીતે મળશે? તેવો સવાલ તેમણે ઉઠાવ્યો. માત્ર સાધનો પૂરાં પાડવાથી સ્માર્ટ ક્લાસ કાર્યરત થઈ શકતા નથી, યોગ્ય સ્ટાફની નિમણૂક આવશ્યક હોવાનું તેમણે જણાવ્યું.

### સરકારી બાબુઓનો એક જ જગ્યાએ અડિંગો

ગ્રામ પંચાયતોમાં તલાટી-કમ-મંત્રીઓ અને ગ્રામસેવકો સહિતના પદો છેલ્લા ઘણાં વર્ષોથી ખાલી હોવાના કારણે વહીવટી કાર્ય પ્રભાવિત થઈ રહ્યું હોવાનું દર્શન નાયકે જણાવ્યું. રાજ્ય સરકારના ત્રણ વર્ષે બદલીના નિયમનો અમલ ન થતાં કેટલાક કર્મચારીઓ લાંબા સમયથી એક જ જગ્યાએ બેસી રહ્યા છે, જેના કારણે ભ્રષ્ટાચાર વધવાની શક્યતા હોવાનું તેમણે કહ્યું.

### અહો આશ્ચર્યમ: સરકારી ફાર્મમાં જ ઓર્ગેનિક ખેતી નહીં!

રાજ્ય સરકાર ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ પ્રેરિત કરી રહી છે, પરંતુ જિલ્લાના સરકારી ફાર્મમાં જ ઓર્ગેનિક પદ્ધતિ અપનાવવામાં આવતી નથી, એવો આક્ષેપ દર્શન નાયકે કર્યો. સરકારનું વિઝન હોવા છતાં અમલીકરણમાં બેદરકારી હોવાનું કહી તેમણે આ સ્થિતિને વિસંગત ગણાવી હતી.

### તપાસ સમિતિનો અહેવાલ દબાવાયો?

બે વર્ષ પૂર્વે બનેલા જિલ્લા પંચાયતના નવા ભવનના લોકાર્પણ બાદ સ્વભંડોળના કરોડો રૂપિયાના દુરુપયોગ અંગે વિવાદ ઊભો થયો હતો. તે સંદર્ભે રચાયેલી તપાસ સમિતિનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી, એવો આક્ષેપ દર્શન નાયકે કર્યો. તપાસ સમિતિએ શું તારણ આપ્યું તે જાહેર કરવાની તેમણે માંગ કરી હતી.

# ગુજરાતને વધુ એક વંદે ભારત એક્સપ્રેસ મળી

**અમદાવાદના** અસારવા અને ઉદયપુર સિટી વચ્ચે દોડશે

અમદાવાદ : રેલ્વે દ્વારા ગુજરાતમાં આધુનિક રેલ સેવાઓના વિસ્તરણ હેઠળ અસારવા-ઉદયપુર સિટી વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ ગુજરાતની છઠ્ઠી વંદે ભારત ટ્રેન હશે. ટ્રેન નંબર 09663 ઉદયપુર સિટી-અસારવા વંદે ભારત એક્સપ્રેસ 16 ફેબ્રુઆરી 2026ના રોજ બપોરે 12:25 વાગ્યે ઉદયપુર સિટીથી પ્રસ્થાન કરી સાંજે 17:15 વાગ્યે અસારવા પહોંચશે. રૂટમાં જાવર, ડુંગરપુર અને હિંમતનગર સ્ટેશનો પર રોકાણ કરશે. નિયમિત સેવા (મંગળવાર સિવાય અઠવાડિયામાં 6 દિવસ) ટ્રેન નંબર 26964 અસારવા-ઉદયપુર સિટી વંદે ભારત એક્સપ્રેસ 18 ફેબ્રુઆરી 2026થી અસારવા પરથી સાંજે 17:45 વાગ્યે પ્રસ્થાન કરી રાત્રે 22:00 વાગ્યે ઉદયપુર સિટી પહોંચશે. પરત ફરતી ટ્રેન નંબર 26963 ઉદયપુર સિટી-અસારવા સવારે 06:10 વાગ્યે રવાના થઈ 10:25 વાગ્યે અસારવા પહોંચશે. બંને દિશામાં હિંમતનગર, ડુંગરપુર અને જાવર સ્ટેશનો પર સ્ટોપેજ રહેશે.આ 8 કોચની ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કારની સુવિધા હશે.

# ઉધના અને હસનપુર વચ્ચે 'અનરિઝર્વ્ડ સ્પેશિયલ' ટ્રેન

**વધારાના** ધસારાને પહોંચી વળવા પશ્ચિમ રેલવેનો મહત્ત્વનો નિર્ણય

સૂરતઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ટ્રેનોમાં જોવા મળતા વધારાના ધસારાને હળવો કરવા માટે ઉધના અને હસનપુર રોડ વચ્ચે ખાસ ભાડા પર 'અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ' ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી અખબારી યાદી મુજબ, આ ટ્રેન આગામી 15 ફેબ્રુઆરીથી કાર્યરત થશે.

**ઉધનાથી ઉપડતી ટ્રેનઃ** ટ્રેન નં. 0 9031 દર રવિવારે ઉધનાથી સવારે 11:25 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે 20:00 વાગ્યે હસનપુર રોડ પહોંચશે. આ સેવા 15 ફેબ્રુઆરીથી 29 માર્ચ, 2026 સુધી ચાલુ રહેશે.

**હસનપુરથી ઉપડતી ટ્રેનઃ** વળતી દિશામાં ટ્રેન નં. 09032 દર સોમવારે હસ નપુરથી રાત્રે 21:45 વાગ્યે ઉપડશે અને બુધવારે વહેલી સવારે 3:00 વાગ્યે ઉધના પરત ફરશે. આ સેવા 16 ફેબ્રુઆરીથી 30 માર્ચ, 2026 સુધી કાર્યરત રહેશે.

### ક્યા સ્ટેશનો પર મળશે સ્ટોપેજ?

મુસાફરોની સુવિધા માટે આ ટ્રેન રૂટ પરના મહત્વના સ્ટેશનો જેવા કે ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છોકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર જંક્શન, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશનો પર બંને દિશામાં રોકાણ કરશે.

# જૈન સમાજના ચર્ચાસ્પદ કેસમાં પત્નીના ઘરમાં પતિને નો-એન્ટ્રી

**તાત્કાલિક** રક્ષણ મેળવવા ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટની કલમ ૧૮ હેઠળ પત્નીએ કરેલી અરજી કોર્ટે સ્વીકારી પતિને પત્નીના ઘરમાં નહીં પ્રવેશવા સબબનો હુકમ કર્યો

### પત્નીના ઘરમાં ઘૂસી પતિએ બીભત્સ ચેનચાળા કરી છેડતી કરી હતી

જૈન સમાજમાં ચર્ચાસ્પદ બનેલા આ કિસ્સામાં ૧૯-૨-૨૪ના રોજ પત્ની જ્યાં રહેતી હતી તે ઘરમાં પતિએ ઘૂસી જઈ કેસ પાછો ખેંચી લેવા ધમકી આપી પત્નીની એકલતાનો લાભ ઉઠાવી બિભત્સ અને અશ્લીલ ચેનચાળા કર્યાં હતાં તેમજ મારપીટ કરી હતી. પત્નીએ પોલીસને ફોન કરતાં પતિ ભાગી ગયો હતો. ત્યારબાદ પતિ રાત્રે ફરીથી આવી ધમાલ કરતાં પડોશીઓ ભેગાં થયાં હતા, ત્યારે પોલીસ આવી પતિને પકડીને લઈ ગઈ હતી.

### અરજદાર મહિલા વિક્ટિમ કાર્ડનો ઉપયોગ કરતી હોવાની બચાવ પક્ષની દલીલો

૨૦૦૨માં લગ્ન બાદ આ દંપતીને બે સંતાન છે. અરજદાર પત્ની કેક બનાવવાનાં ક્લાસીસ ચલાવી ગુજરાન ચલાવે છે. જ્યારે પતિ કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સામાવાળા તરફે દલીલ કરવામાં આવી હતી કે મહિલા તરફેણના કાયદાનો આશરો લઇને સામાવાળા ઉપર ખોટી કાર્યવાહી કરવા અરજદાર ટેવાયેલા હોય અને વિકટીમ કાર્ડનો ઉપયોગ કરે છે. જેથી અરજી નામંજૂર કરવા રજૂઆત કરી હતી. જ્યારે અરજદાર પક્ષે દલીલ કરવામાં આવી હતી કે અરજદારને જાનથી મારી નાંખવાની અવાર-નવાર સામાવાળા ધમકી આપે છે, ત્યારે અરજદારની તરફેણમાં જો સુરક્ષા આદેશ કરવામાં નહીં આવે તો અરજદારને મહામુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે અને બાળકોને રઝળી પડવાનો વારો આવે તેમ છે. જે હકીકતો ધ્યાને રાખીને અરજદારની હાલની અરજી માંગ્યા મુજબની દાદ સાથે મંજુર કરવા રજૂઆત કરી હતી.

સુરતઃ ઘરેલુ હિંસાના કેસમા પતિ દ્વારા પત્નીને અસહ્ય શારીરિક અને માનસિક ત્રાસ અપાતાં પત્નીએ પતિ વિરૂધ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ હેઠળ ફરિયાદ કરી હતી. આ કેસમાં રક્ષણ મેળવવાની પત્ની અરજદારની અરજી મંજૂર કરી કોર્ટે હુકમ કર્યો હતો કે અરજદાર જે ઘરમાં રહે છે તે ઘરમાં સામાવાળાએ પ્રવેશ કરવો, કરાવવો નહીં તેમજ સમાવાળાએ અરજદાર સાથે કોઇ પણ રીતે વ્યક્તિગત મૌખિક કે લેખિત, ઈલેક્ટ્રોનિક કે ટેલિફોનીક સંપર્ક કે સંદેશા વ્યવહાર કરવો નહીં.

આ કેસની હકીકત એ મુજબની છે કે, સિટીલાઇટ વિસ્તારનાં દંપતીનાં લગ્ન વડીલો, સગા- સંબંધીઓની મંજૂરી અને રાજીખુશીથી ૧૨/૧૨/૨૦૦૨ના રોજ સુરત મુકામે થયાં હતાં. ત્યારબાદ પતિ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપી અને પતિ દ્વારા પત્નીને ઘરમાંથી બહાર કાઢવાના પ્રયત્નો કરી તથા જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હતી. અસહ્ય શારીરિક તથા માનસિક ત્રાસ આપી હેરાન-પરેશાન કરવામાં આવતા પત્નીને જાનનું જોખમ હોય પત્નીએ પતિ વિરૂધ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ હેઠળની ફરીયાદ કરી હતી અને તાત્કાલિક રક્ષણ મેળવવા ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ ૧૮ અન્વયે કોર્ટ સમક્ષ અરજી કરી હતી.

જે અરજીના કામે સુરતના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિસીપલ) કોર્ટે બંને પક્ષની વિગતવારની રજૂઆતો ધ્યાને લઈ પત્ની અરજદારની અરજી મંજૂર કરી હતી. આ સાથે કોર્ટે હુકમ કર્યો હતો કે અરજદાર જે ઘરમાં રહે છે તે ઘરમાં સામાવાળાએ પ્રવેશ કરવો, કરાવવો નહીં તેમજ સમાવાળાએ અરજદાર સાથે કોઇ પણ રીતે વ્યક્તિગત મૌખિક કે લેખિત ઈલેક્ટ્રોનિક કે ટેલિફોનીક સંપર્ક કે સંદેશા વ્યવહાર કરવો નહીં કે કરવા પ્રયત્નો કરવા નહીં. તેમજ આખરી નિર્ણય થાય નહીં ત્યાં સુધી અરજદાર જે મિલકતમા રહે છે તે મિલકત અન્ય કોઇ વ્યકિતને નામે ટ્રાન્સફર, ગીરો કે બક્શીશ કે વેચાણ કરવી નહીં કે, તે મિલકત ઉપર કોઇ ધિરાણ મેળવવું નહીં. પત્ની અરજદાર તરફે એડવોકેટ કલ્પેશ એસ.દેસાઇ તથા રાકેશ એ. મૈસુરીયાએ દલીલો કરી હતી.

# દાદા-દાદીને મળવા ઘેલો કિશોર તામિલનાડુથી સુરત પહોંચી ગયો

**રાજસ્થાન** દાદા-દાદીને મળવા જવા આતુર હતો, પિતાએ સાંત્વના આપી તો પણ ચેન્નાઈ સ્ટેશનેથી નવજીવન એક્સમાં બેસી ગયો

**સુરતમાં** શી ટીમે ઓળખ કરી કાઉન્સેલિંગ કર્યું અને પિતાને બોલાવી પુત્રનો કબજો સોંપ્યો



સુરતઃ સુરત રેલવે પોલીસની 'શી-ટીમ'એ 'મિશન સેફ સ્ટેશન' અંતર્ગત તમિલનાડુના સેવન હિલ્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં ભોગ બનનાર ૧૪ વર્ષીય કિશોરને નવજીવન એક્સપ્રેસ ટ્રેનમાંથી હેમખેમ શોધી કાઢી તેના વાલીને સુપ્રત કર્યો છે.

મળતી માહિતી મુજબ, તમિલનાડુમાં રહેતો ૧૪ વર્ષીય અભિષેક (નામ બદલ્યું છે) ગત ૧૧/૦૨/૨૦૨૬ના રોજ પોતાના ઘરેથી કોઈને કઈ પણ કહ્યા વગર નીકળી ગયો હતો. પરિવારજનોએ શો ધખોળ કરતા ચેન્નાઈ રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજમાં તે નવજીવન એક્સપ્રેસ ટ્રેનમાં બેસતો દેખાયો હતો. આ અંગે તમિલનાડુના ફ્લાવર બજાર જિલ્લાના સેવન હિલ્સ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન ૧૩ ફેબ્રુઆરીએ સુરત રેલવે પોલીસ સ્ટેશનની શી-ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાળકના સંબંધીએ પોલીસની મદદ માંગી સમગ્ર હકીકત જણાવી હતી.

ટ્રેન ઉધના રેલવે સ્ટેશન પહોંચતા જ વુમન એ.એસ.આઈ. મનિષા મધુકર અને તેમની ટીમે તાત્કાલિક સર્ચ ઓપરેશન હાથ ધરી કિશોરને શોધી કાઢ્યો હતો. પોલીસ દ્વારા કિશોરનું કાઉન્સેલિંગ કરવામાં આવતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. કિશોરને વતન રાજસ્થાનમાં રહેતા તેના દાદા-દાદીની ખૂબ યાદ આવતી હોવાથી તે ત્યાં જવા જીદ કરતો હતો. માતા-પિતાએ વેકેશનમાં લઈ જવાની ખાતરી આપી હોવા છતાં, તે દાદા-દાદીને મળવાની આતુરતામાં એકલો જ ટ્રેન પકડી રાજસ્થાન જવા નીકળી પડ્યો હતો. બાળકને સુરક્ષિત રીતે શોધી કાઢ્યા બાદ તેને કામચલાઉ ધોરણે વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ, કતારગામ ખાતે રાખવામાં આવ્યો હતો અને તેના પિતાને જાણ કરી હતી.

બાદમાં શનિવારે બાળકના પિતા સુરત દોડી આવતા જરૂરી કાયદાકીય દસ્તાવેજો અને FIRની ચકાસણી કરી કિશોરનો કબજો પિતાને સોંપવામાં આવ્યો હતો. ખોવાયેલો પુત્ર પરત મળતા પિતાની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતા અને તેમણે સુરત પોલીસનો આભાર માન્યો હતો.

# 52.43 લાખની ઠગાઈના કર્ણાટકના આરોપી પકડાયા

**માલ** માટે એડ્વાન્સ પેમેન્ટ લીધા બાદ હાથ ખંખેરી લીધા



સુરતઃ શહેરના પોશ વિસ્તાર ગણાતા વેસુમાં રહેતા અને લોખંડ-સ્ટીલના વ્યવસાય સાથે સંકળાયેલા એક વેપારી સાથે કર્ણાટકની પેઢીના સંચાલકોએ વિશ્વાસઘાત કરી 52.43 લાખની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. એડવાન્સ પેમેન્ટ લીધા બાદ માલ ન મોકલી હાથ ઊંચા કરી દેનાર આરોપીઓ વિરુદ્ધ પોલીસે ગુનાહિત કાવતરાની કલમો હેઠળ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, વેસુ સ્ટાર ગેલેક્સીમાં રહેતા 56 વર્ષીય સુજીતકુમાર રામેશ્વર ગુપ્તા ઉધના-મગદલ્લા રોડ પર 'વાસુદેવન મેટગ્લોબલ LLP' નામે સ્ટીલ અને લોખંડનો વેપાર કરે છે. તેમણે તેમના એક પરિચિત દલાલ કુશાલ બાબુલાલ મારફતે કર્ણાટકની 'લક્ષ્મીપ્રિયા સ્ટીલ્સ પ્રાઈવેટ લિમિટેડ' નો સંપર્ક કર્યો હતો. આ કંપનીના પ્રતિનિધિ અલોક બોરાર જૈન અને ડાયરેક્ટરોએ તેમને વિશ્વાસમાં લીધા હતા કે તેઓ મોટા પાયે સ્પોન્જ આયરનનો સપ્લાય કરે છે.વેપારી સુજીતકુમારે 240 મેટ્રિક ટન સ્પોન્જ આયરન ખરીદવા માટે 75 લાખનો સોદો નક્કી કર્યો હતો. જે પેટે તેમણે જૂન 2025માં અલગ-અલગ તારીખે કુલ 75,00,000 એડવાન્સ પેમેન્ટ તરીકે આરોપીઓની કંપનીના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પેમેન્ટ મળ્યા બાદ શરૂઆતમાં આરોપીઓએ માત્ર 22,56,459ની કિંમતનો 80 મેટ્રિક ટન માલ મોકલી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો.બાકીના 160 મેટ્રિક ટન માલની ડિલિવરી માટે વેપારીએ વારંવાર સંપર્ક કરતા, પરંતુ આરોપીઓએ માલ મોકલવાનું બંધ કરી દીધું હતું. લાંબા સમય સુધી સંપર્ક કરવા છતાં આરોપી ડાયરેક્ટરો કોરાગલ નાગરાજ વાસવી, કોરાગલ નાગરાજ હરિહરન અને સેલ્સ પ્રતિનિધિ અલોક જૈને ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. અંતે પોતાની સાથે 52,43,541ની છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ પોલીસનો સહારો લીધો હતો.

વેસુ પોલીસે આ મામલે તપાસ બાદ કોરાગલ નાગરાજ વાસવી (ડાયરેક્ટર, લક્ષ્મીપ્રિયા સ્ટીલ્સ, કર્ણાટક),કોરાગલ નાગરાજ હરિહરન (ડાયરેક્ટર, કર્ણાટક),અલોક બોરાર જૈન (સેલ્સ પ્રતિનિધિ, બેંગ્લોર) અને કુશાલ બાબુલાલ (દલાલ, અમદાવાદ/કર્ણાટક) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# CBSEની 10 અને 12ની બોર્ડ પરીક્ષા 17 ફેબ્રુઆરીથી શરૂ

**વિદ્યાર્થીઓને** સવારે 10 વાગ્યા પહેલાં કેન્દ્ર પર હાજર રહેવા કડક સૂચના

**ટ્રાફિક** અને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહેલા નીકળવાની સલાહ

### શાળાઓને માર્ગદર્શન આપવા સૂચના

CBSE દ્વારા સંલગ્ન તમામ શાળાઓના પ્રિન્સિપાલોને પણ વિનંતી કરવામાં આવી છે કે તેઓ વિદ્યાર્થીઓ અને વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપે અને પરીક્ષાના દિવસો દરમિયાન કોઈપણ પ્રકારની ગેરસમજ ન થાય તે માટે જરૂરી સહયોગ આપે. પરીક્ષા નિયામક ડો. સંયમ ભારદ્વાજે જણાવ્યું છે કે તમામ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ અને આયોજનબદ્ધ રીતે પરીક્ષા આપવા માટે અગાઉથી તૈયારીઓ કરવી જરૂરી છે. સમયપાલનનું ખાસ ધ્યાન રાખીને પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચવું અનિવાર્ય છે.

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ મંગળવાર 17મી ફેબ્રુઆરી 2026થી શરૂ થવા જઈ રહી છે. આ વર્ષે ભારત તથા વિદેશના 26 દેશમાંથી મળીને 46 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ભાગ લેશે. પરીક્ષાનો સમય સવારે 10:30 વાગ્યે નક્કી કરવામાં આવ્યો છે.

બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાઈઝરી મુજબ તમામ વિદ્યાર્થીઓને સવારે 10:00 વાગ્યા સુધી પરીક્ષા કેન્દ્ર પર ફરજિયાત હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. 10:00 વાગ્યા બાદ કોઈપણ વિદ્યાર્થીને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. પરીક્ષા દરમિયાન દેશભરમાં વિવિધ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સમિટ, ઉચ્ચ સ્તરીય બેઠકો અને અન્ય કાર્યક્રમો યોજાનાર હોવાને કારણે કેટલાક વિસ્તારોમાં ટ્રાફિક નિયંત્રણ, માર્ગ ફેરફાર અને વાહનવ્યવહારની અવરજવર પર અસર થઈ શકે છે. જેના કારણે વિદ્યાર્થીઓને કેન્દ્ર સુધી પહોંચવામાં મોડું થવાની શક્યતા છે. બોર્ડે વિદ્યાર્થીઓ અને વાલીઓને સલાહ આપી છે કે તેઓ પરીક્ષા શરૂ થવાના દિવસો પહેલાં જ પોતાના પરીક્ષા કેન્દ્રની મુલાકાત લઈ માર્ગ અને સમયની યોજના તૈયાર કરી લે. સ્થાનિક ટ્રાફિક, હવામાન, અંતર અને અન્ય પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને સમયસર કેન્દ્ર પર પહોંચવાની પૂર્વ તૈયારી રાખવી જરૂરી છે. CBSE દ્વારા જાહેર કરાયેલી આ એડવાઈઝરીને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ પરીક્ષા દિવસોમાં સમય વ્યવસ્થાપન અને મુસાફરીની યોગ્ય યોજના બનાવી તણાવમુક્ત રીતે પરીક્ષા આપે તે માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

# સુરતમાં ગરમીનો પ્રભાવ કનડવા લાગ્યો

**લઘુત્તમ** તાપમાન પણ 0.8 ડિગ્રી વધીને 20.8 નોંધાયું

સુરતઃ શહેરમાં આજે તાપમાનમાં વધારો નોંધાતા ગરમીનો અહેસાસ તેજ થયો છે. જો કે આવતીકાલે તાપમાન ઘટી શકે છે, જેનું કારણ આજે શહેરમાં નોંધાયેલા ઉત્તરના પવનો હોવાનું મનાય છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે તાપમાનમાં વધારો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૦.૭ ડિગ્રી વધીને ૩૫.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૦.૮ ડિગ્રી વધીને ૨૦.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ૪૫ ટકા ભેજ નોંધાયો હતો અને ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશાનો પવન ફૂંકાયો હતો. દિવસ દરમિયાન તડકો તેજ રહ્યો હતો, જેના કારણે બપોર બાદ ગરમીનો અહેસાસ વધુ થયો હતો.

હવામાનની સ્થિતિને જોતા હવે શહેરમાં ધીમે ધીમે ઉનાળાનું પ્રભુત્વ વધતું જાય છે. સવારના સમયગાળા દરમિયાન હજી થોડો ઠંડકનો અહેસાસ રહે છે, પરંતુ બપોરે તાપમાન વધતા લોકો ગરમીનો સામનો કરી રહ્યા છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### આજે કોલંબોમાં...

સુંદરનો વિકલ્પ પણ છે. સુંદર કોલંબોની ધીમી પિચ પર ઓફ-સ્પિનમાં પણ મદદરૂપ થઈ શકે છે. પિચને જોતા કુલદીપ યાદવને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવા માટે રિંકુ સિંહને બહાર બેસવું પડી શકે છે. બાબર આઝમ સામે કુલદીપનો રેકોર્ડ ઉત્તમ છે. ભારતીય બેટિંગમાં છેલ્લી બે મેચોમાં મધ્યક્રમમાં ધબડકો જોવા મળ્યો છે, જે ચિંતાનો વિષય છે. સૂર્યકુમાર, ઈશાન અને હાર્દિકે અત્યાર સુધી ટીમની લાજ બચાવી છે. બીજી તરફ, પાકિસ્તાન છેલ્લા ઘણા સમયથી કોલંબોમાં હોવાથી તેમને પિચનો વધુ સારો અંદાજ છે. ઉસ્માન તારિક અને અબરાર અહેમદ જેવા સ્પિનરો ભારતીય બેટ્સમેનોની કસોટી કરશે. જો કે, પાકિસ્તાને હજુ સુધી ભારત જેવા મજબૂત બોલિંગ આક્રમણનો સામનો કર્યો નથી. અંતે, જે ટીમ દબાણ અને લાગણીઓ પર કાબૂ રાખશે તે જ વિજયી બનશે.

### જમ્મુમાં ડ્રોન...

માલના ચોક્કસ સ્ત્રોત અને ગંતવ્ય સ્થાનનો પત્તો લગાવવા માટે વધુ તપાસ ચાલી રહી છે. અધિકારીએ ઉમેર્યું હતું કે, તપાસ આગળ વધતા મોટી સફળતા મળવાની અપેક્ષા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સોનાના ભાવનો...

પરંપરા શરુ થઇ ત્યારે સોનાની કિંમત નજીવી હતી પરંતુ હાલમાં સોનાના એક તોલાનો ભાવ 1,70,000ને પાર કરી ગયો છે. જેથી હવે દરેક સમાજ આ પરંપરાને બદલવાના ઠરાવ કરી રહ્યાં છે.

### પાંચ તોલાને...

તેમની ક્ષમતા પ્રમાણે કરિયાવર આપે છે. આજના યુગમાં તેમના સમાજમાં પાંચ તોલા આપવાનો રિવાજ હતો અને ત્યારબાદ દીકરીને જેટલું સોનું આપવું હોય તે ક્ષમતા પ્રમાણે પિતા આપે છે પરંતુ સોનાનો ભાવ જે રીતે વધી રહ્યો છે તે જોતા હવે દેખા દેખી નહીં પરંતુ બે તોલા સુધી દિકરીને કરિયાવર આપવાનું સમાજની મળેલી છેલ્લી બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે.

### આહિર સમાજે...

સોનું અથવા મામેરામાં સોનું આપવાનું સમાજમાં સર્વાનુંમતે નક્કી કરવામાં આવી રહ્યું છે. આ વાત માત્ર દક્ષિણ ગુજરાતના આહિરો માટે નહીં પરંતુ ગુજરાતભરના આહિરો હવે પરંપરામાં સુધાર લાવી રહ્યાં છે અને તેનું સૌથી મોટુ કારણ સોનાના વધતા ભાવ છે જે દિકરીઓના માતા-પિતા માટે હવે અઘરુ થઇ ગયું છે.

### રબારી સમાજમાં...

રિવાજ છે. સામાન્યથી સામાન્ય વ્યક્તિ પણ ૨૦ થી ૨૫ તોલા સોનાના દાગીના આપતાં હોય છે. દીકરા-દીકરીના લગ્ન પ્રસંગમાં સમાજના ખમતીધર લોકોમાં ૧૦૦-૧૦૦ તોલા સુધીના દાગીનાનો વ્યવહાર થાય છે. આજે સોનાના ભાવ સામાન્ય લોકોની પહોંચની બહાર પહોંચી રહ્યા છે ત્યારે સમાજ તરફથી ચિંતન શરૂ થઈ ગયું છે. આ રિવાજ શરુ થયો હશે ત્યારે સોનાનો ભાવ નજીવો હતો પરંતુ હવે સોનું ખરેખર કિંમતી થઇ ગયું છે.

### સોનાના વધતાં...

કરવા માટે પરિવાર જુના દાગીનાને તોડાવીને નવા દાગીના બનાવી આપવાનું ચલણ વધી રહ્યું છે,જેથી આર્થિક ભારણ વધે નહીં.

### સિક્યોરિટીના વિવાદ...

કરીને કોન્ટ્રાક્ટર રદ કરવાની માંગ કરવામાં આવી છે.

છેલ્લા ચારથી પાંચ વર્ષથી યુનિવર્સિટી દ્વારા સિક્યુરિટી ટેન્ડરમાં અત્યંત કડક અને ફરજીયાત શરતો રાખવામાં આવતી હતી. પરંતુ આ વખતે નજીકના, લાગતા વળગતા અને ઓળખીતાઓને ફાયદો પહોંચાડવાના હેતુથી એ તમામ મહત્વની શરતોને જાણબૂઝીને કાઢી નાખવામાં આવી છે તેમજ ટેન્ડરની કિંમત પણ વધારવામાં આવી હોવાનું સામે આવ્યું છે. યુનિવર્સિટીમાં કુલ ૭૬ સિક્યુરિટી ગાર્ડ, સાથે ૩ સુપરવાઇઝર અને ૩ ગનમેન (વેલિડ લાઇસન્સ ધરાવતા) હોવા ફરજીયાત છે. સુપરવાઇઝર એક્સ-સર્વિસમેન અને ગ્રેજ્યુએટ હોવાની સ્પષ્ટ શરત છે. પરંતુ હાલ જે નવી એજન્સીને ટેન્ડર આપવામાં આવ્યું છે, તેમની પાસે ૫૦ ટકા ગાર્ડ પણ હાજર નથી, જે યુનિવર્સિટીની સલામતી માટે સીધી જોખમરૂપ સ્થિતિ છે. આ શરતો બાબતે યુનિવર્સિટી પાસેથી છેલ્લા 20 દિવસથી માહિતી માંગવામાં આવી રહી છે. પરંતુ ગોળગોળ વાતો કરીને બંને ટેન્ડરની શરતો, આ શરતોનું પાલન થયું છે કે નહીં? તેની માહિતી શંકાસ્પદ રીતે આપવામાં આવી રહી નથી.

### કિશોર વયના...

ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા પરિવારો તેમજ પોલીસ તંત્રમાં હડકંપ મચ્યો હતો. હાલ બંનેની સારવાર ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ જહાંગીરપુરા વિસ્તારમાં રહેતો 18 વર્ષીય યુવક અને કતારગામ વિસ્તારમાં રહેતી 16 વર્ષની કિશોરી છેલ્લા એક વર્ષથી પરિચયમાં હતા અને બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો. સૂત્રો મુજબ યુવતી ધોરણ 11 કોમર્સમાં અભ્યાસ કરે છે. પરિવારજનોના કહેવા મુજબ યુવતી પોતાના ભવિષ્ય અંગે સ્વતંત્ર રીતે નિર્ણય લેવા માગતી હતી અને પ્રેમી સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે તેની ઉંમર ઓછી હોવાને કારણે પરિવારજનોએ હાલમાં તે માટે ના પાડી હતી. સૂત્રો જણાવે છે કે યુવતી પોતાના બહેનપણીના ઘરે અભ્યાસ માટે જઈ રહી હોવાનું કહીને ઘરેથી નીકળી હતી. ત્યારબાદ તે પ્રેમીને મળી અને બંને રાંદેર વિસ્તારના બોટોનિકલ ગાર્ડનમાં ગયા હતા. ત્યાં બંનેએ પહેલા હાથમાં બ્લેડના ઘા કર્યા અને પછી ઝેરી પદાર્થ પી લીધો હતો. સ્થાનિક લોકોની નજરે ચઢતાં બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. પોલીસ દ્વારા બંનેના નિવેદનો લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

માનસિક રીતે આ વાતનો પ્રભાવ પડતા બંનેએ આ અતિશય પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ગુગલ જોઇને...

હજાર મળી કુલ રૂ.2,44,620નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સાથે પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકરણમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે નહીં તે દિશામાં પણ પોલીસની તપાસ ચાલી રહી છે.

અંકલેશ્વર GIDCની GIL લિમિટેડ કંપનીમાં પ્રોડક્શન વિભાગમાં ફરજ બજાવતા અનિલ રાખોલીયાએ પૂછપરછ દરમિયાન ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેના જણાવ્યા મુજબ શેરબજારમાં સટ્ટેબાજી અને ઓનલાઈન એવેન્જર્સ ગેમ્સમાં નુકસાન થતાં તેના માથે અંદાજે રૂ.25 લાખ જેટલું દેવું થઈ ગયું હતું. દેવાની પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે તેણે ગેરકાયદે રીતે ડ્રગ્સ બનાવવાનો રસ્તો અપનાવ્યો હતો.

### એથર મોપેડ...

નંબર દર્શાવતો ટ્રાફિક ઉલ્લંઘનનો ઈ-મેમો તેમના ઘરે પહોંચતા તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મેમો સાથે આવેલા ફોટાની તપાસ કરતા જાણવા મળ્યું કે દર્શાવાયેલ વાહન તેમની થાર કાર નહીં પરંતુ એક એથર ટુ-વ્હીલર મોપેડ હતું. આ ઈ-મેમો સુરત-નવસારી માર્ગ પર બરોડા રેયોન કોર્પોરેશન નજીક જીવન જ્યોતિ નગર વિસ્તારનો હોવાનું બહાર આવ્યું છે.

કાર માલિકે સંબંધિત ટ્રાફિક વિભાગમાં રજૂઆત કરી છે. પ્રાથમિક તપાસમાં ડુપ્લિકેટ નંબર પ્લેટનો મામલો હોવાની પુષ્ટિ થતાં હવે સંબંધિત મોપેડ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

### રાત્રે 10...

મ્યુઝિક સિસ્ટમ કે ડીજે વગાડવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવી દેવામાં આવી છે. ટ્રાફિક વિભાગના ડીસીપી પન્ના મોમૈયાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો રાત્રે 10 પછી નિયમનો ભંગ થતો જણાશે તો માત્ર દંડથી કામ નહીં ચાલે, પરંતુ પોલીસ દ્વારા ડીજેના સાધનો સીધા જપ્ત કરી લેવામાં આવશે અને જવાબદારો સામે કાયદેસરના પગલાં ભરાશે .માત્ર સંગીત જ નહીં, પણ રસ્તાઓ પર થતા અવાજ પ્રદૂષણ સામે પણ પોલીસ સજ્જ થઈ છે. રહેણાંક વિસ્તારોમાંથી પસાર થતી લક્ઝરી બસો અને ટ્રકો દ્વારા વગાડવામાં આવતા તીવ્ર હોર્ન વિદ્યાર્થીઓની ઉંઘ અને અભ્યાસમાં ખલેલ પહોંચાડે છે. આથી, વહેલી સવારે 4:00 વાગ્યાથી જ શહેરના પ્રવેશદ્વારો પર વોચ ગોઠવી દેવામાં આવી છે. પ્રતિબંધિત સમયમાં શહેરમાં પ્રવેશતી અને રોંગ સાઈડમાં વાહન ચલાવતી લક્ઝરી બસો સામે ટ્રાફિક પોલીસ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી સ્થળ પર જ દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર, જ્યાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને હોર્નના અવાજની ફરિયાદો વધુ છે, ત્યાં ખાસ ફિક્સ પોઈન્ટ્સ મૂકવામાં આવ્યા છે. પોલીસની ટીમો ગમે ત્યારે ત્રાટકીને નિયમભંગ કરનારાઓને પકડી પાડશે. વિદ્યાર્થીઓને પરીક્ષાના માહોલમાં સંપૂર્ણ શાંતિ અને સુરક્ષા મળી રહે તે માટે આ ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બનાવવામાં આવશે.